હરિ નજર - ખરી નજર

મારી પત્નીએ મને સમજાવ્યું કે ૮૦ રૂપિયે લીટર ભરાવી ગાડી વાપરવા કરતાં છત્રીસ રૂપિયે લીટર મળતું દૂધ તમને પીવડાવીશ તો તમે રોજ પચાસ કિમીની એવરેજ હજુ આપી શકો તેમ છો... !

છ માસમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરો : સુપ્રીમ

તમામ સ્કૂલોમાં જરૂરી સુવિધા છ માસમાં ગોઠવવાનો આદેશ

સ્કૂલોમાં પીવા માટેના પાણી અને ટોઈલેટની સુવિધાઓ ગોઠવવા રાજ્યોને મહેતલ આપી

નવી દિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારોને આગામી છ માસમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા આદેશ કર્યો છે. આ ઉપરાંત તમામ શાળાઓમાં પીવાનું પાણી અને શૌચાલય સહિત તમામ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પણ સુપ્રીમ કોર્ટે નિર્દેશ કર્યો છે. ન્યાયમૂર્તિ કે. એસ. રાધાકૃષ્ણનના નેતૃત્વ હેઠળની ખંડપીઠે સમયમર્યાદા નક્કી કરતાં તમામ સરકારને દેશભરની શાળાઓમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તાકીદે પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

ખંડપીઠે કહ્યું હતું કે, પાયાની સુવિધા અંગે અગાઉના તમામ નિર્દેશોમાં નક્કી કરાયેલી સમયમર્યાદા જ લાગુ પડશે. સુપ્રીમ કોર્ટે ગત વર્ષની ૧૮ ઓક્ટોબરે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને તમામ સરકારી શાળાઓમાં ખાસ કરીને છોકરીઓ માટે શૌચાલય બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

શાળાઓમાં પીવાના પાણી અને શૌચાલયની પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારને નિર્દેશ આપવાની દાદ માંગતી જાહેર હિતની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમકોર્ટે ઉપરોકત આદેશ કર્યો હતો.

સુપ્રીમકોર્ટે અગાઉ કહ્યું હતું કે, તમામ શાળાઓમાં શૌચાલયની સુવિધા હોવી જોઈએ. કારણ કે તપાસમાં બહાર આવ્યું છે કે જે શાળાઓમાં શૌચાલયની સુવિધા હોતી નથી ત્યાં માતા-પિતા પોતાના બાળકોને અને ખાસ કરીને છોકરીઓને ભણવા મોકલતા નથી. સુપ્રીમ કોર્ટે એ પણ કહ્યું હતું કે, પાયાની સુવિધા ઉપલબ્ધ ન કરવી તે બંધારણની કલમ ૨૧-એ હેઠળ બાળકોને મફત અને અનિવાર્ય શિક્ષણ અધિકારનો ભંગ છે.

વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે મંગળવારે જિલ્લા અને મહાનગરોના વિવેકાનંદ રમતગમત મંડળોના હોદ્દેદારોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે કીટ અપાઈ હતી. ગાંધીનગર મહાનગરના શ્રી કેતન પટેલ, અમીત પટેલ અને જિજ્ઞેશ પટેલ આ કીટ સ્વીકારતા તસ્વીરમાં નજરે પડે છે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે મધર વેરોનિકા વર્ષની પૂર્ણાહુતિ યોજાઈ

ગાંધીનગર, તા. ૩

માઉનટ કાર્મેલ સ્કૂલમાં મધર વેરોનિકા વર્ષની પૂર્ણાહૂતિ તા. ૩૦મી સપ્ટેમ્બરે કરવામાં આવી હતી. જેમાં વેરોનિકાના જીવનનાં પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા.

ભૂતપૂર્વ આચાર્યા સિસ્ટર વિમલા પોલ તેમજ સિસ્ટર પ્રિન્સિપાલ તથા નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતુ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિશિષ્ટ ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

મુખ્ય મહેમાન પદે રોમન કેથલિક ચર્ચના મહાઅધ્યક્ષ બિશપ સ્ટેનીસ ફર્નાન્ડીઝ, ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર, આઈ.એ.એસ. ઓફીસર મંજુલા સુબ્રમણ્યમ, શ્રીમતી વર્મા, શ્રીમતી વત્સલા વાસુદેવન, સુઘડના ફાધર શેબર, વાલીમંડળના મંત્રી શ્રીમતી ચેતના રાવલ, એપોસ્ટોલિક કાર્મેલ એસો.ના પ્રેસિડેન્ટ કેતનભાઈ મેકવાન, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આચાર્યશ્રીએ આભર વ્યક્ત કર્યો હતો. મુમતાઝ ટીચર તથા જોયલ ઈન્વાન્સે સંચાલન કરેલ હતું.

અધ્યાપકોના પડતર પ્રશ્નો અંગે ૧૪મીએ અમદાવાદ ખાતે વિશાળ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિ. વિસ્તારના અધ્યાપકોની બેઠક મળી હતી. જેમાં ગુજરાત અને ઉત્તર ગુજરાત યુનિ. વિસ્તાર અધ્યાપક મંડળમાંથી ગુજરાત યુનિ. વિસ્તારના અધ્યાપકોએ ગુજરાત યુનિ. વિસ્તાર અધ્યાપક અધ્યાપક મંડળની રચના કરી હતી. જેમાં પ્રમુખ તરીકે ડૉ. શ્રી જે.એસ. પ્રજાપતિ અને મહામંત્રી તરીકે ડૉ. રમેશભાઈ ચૌધરી અને ડૉ. દિગ્વિજયસિંહ ગોહિલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોની વર્ષો જૂની માંગણી હતી કે ઉત્તર ગુજરાત યુનિ. અલગ છે. તેના પ્રશ્નો પણ અલગ છે. જેથી ઉત્તર ગુજરાત યુનિ.ના અધ્યાપકોનું અલગ અધ્યાપક મંડળ રચવાનું પણ નક્કી થયુ હતું. ઉત્તર ગુજરાતના અલગ મંડળની રચના બાબતે મહેસાણા ખાતે ઉત્તર ગુજરાતની કૉલેજોના અધ્યાપકોની એક મિટીંગ મળી હતી. જેમાં વિવિધ કૉલેજમાંથી મોટી સંખ્યામાં અધ્યાપકો હાજર રહ્યા હતા. જેમાં મહેસાણા સાયન્સ કૉલેજના પ્રૉ. રશ્મીકાંત પટેલની સર્વાનુમતે કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. ઉપરાંત ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અધ્યાપક મંડળની ઓફીસ, મિલકતો તથા ખરીદી માટે એક સમિતી બનાવવામાં આવી છે.

અધ્યાપકોના અનેક પ્રશ્નોનું નિરાકરણ થયેલ નથી. જેનાં આંદોલન રૂપે તા. ૧૪મી ઑકટોબરે વિશાળ રેલી યોજાશે. જેમાં ૧૦થી ૧૫ હજાર અધ્યાપકો જોડાશે. શુક્રવારે ગુજરાત યુનિવર્સિટી ખાતે એક આશ્ચર્ય જનક કાર્યક્રમ યોજાશે. ઉપરોક્ત માહિતી મંડળના પ્રમુખશ્રી ડૉ. જે.એલ. પ્રજાપતિ અને મહામંત્રી ડૉ. રમેશભાઈ ચૌધરી, ડૉ. દિગ્વિજયસિંહ ગોહિલે જણાવેલ છે.

સુથાર સમાજના તેજસ્વી તારલાઓએ ૩૧ સુધી ગુણપત્રકો મોકલવા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સુથાર સમાજના રાજ્ય એકમના પ્રમુખ ઠાકોરભાઈ મિસ્ત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી જ્ઞાતિજનોના સભાસદોના બાળકોનો સન્માન સમારંભ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમાજના તેજસ્વી તારલાઓએ ૩૧મી ઓકટોબર ૨૦૧૨ સુધીમાં પરિણામની ઝેરોક્ષ નકલ સમાજની ઓફિસે પહોંચતી કરવી.

સુથાર સમાજના નર્સરીથી ધોરણ-૧૨ સુધીના તથા ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ તેમના પરિણામની ઝેરોક્ષ નકલ ઉપર સભાસદ નંબર, નામ, સરનામું અને ટેલિફોન નંબરની વિગત સમાજના કાર્યાલયમાં અચૂક મોકલી આપવી. સમાજના જે જ્ઞાતિજનો સમાજનું સભ્યપદ ધરાવે છે. તેઓએ પોતાના સરનામામાં કે ટેલિફોન નંબર તથા કૌટુંબિક માહિતીમાં ફેરફાર થયો હોય તે તમામ વિગતો એક કાગળ ઉપર લખી સમાજની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે પહોંચતી કરવી. વધુ માહિતી કે માર્ગદર્શન માટે મંત્રી ચંદ્રકાન્ત મિસ્ત્રી ગુજરાત સુથાર સમાજ, મરીમાતાનો ખાંચો, સુરસાગર સામે, દાંડિયા બજાર, વડોદરાનો સંપર્ક કરવો.

સિધ્ધાર્થ લો કોલેજની ૮મીએ આંતરિક પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ. દિલીપભાઈ મેવાડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે લો કોલેજના પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ એલ.એલ.બી.ના વિદ્યાર્થીઓની આંતરિક પરિક્ષા ૮મી ઓકટોબર ૨૦૧૨ના રોજથી શરૂ થશે.

દરેક વિદ્યાર્થીએ પરીક્ષા આપવી ફરજીયાત હોવાથી નિયત સમયે હાજર રહેવા ખાસ જણાવ્યું છે.

કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

ગાંધીનગરના ઉમદા સંગીત કલાકાર નંદકિશોરભાઈ

હિન્દી ફિલ્મો જેમ સમગ્ર દેશની જનતાને એક સૂત્રે જોડતી જણાય છે એવું જ ફિલ્મી સંગીત માટે પણ કહી શકાય. એમાંય જુની ફિલ્મ સંગીતના પ્રેમીઓની બિરાદરી ગાંધીનગરમાં તો છે જ પરંતુ આ બિરાદરી દેશ-વિદેશમાં પણ એવી અને એટલી જ જાણીતી છે. જૂનુંહિન્દી ફિલ્મ સંગીત આવે એટલે અનેક ગાયકો સ્મરણપટ પર અંકિત થાય. આજે એમાંના એક એવા ગાંધીનગરના વૉઇસ ઑફ તલત મહેમૂદ શ્રી નંદકિશોર બાબુરાવ ખોપકરનો પરિચય મેળવીએ.

૧૫-૭-૪૧ના રોજ પનવેલ, મહારાષ્ટ્ર ખાતે જન્મેલા નંદકિશોરભાઈ વર્ષોથી અમદાવાદમાં આવી વસ્યા હતા. કુટુંબીજનો મુંબઈ પણ હોવાથી અવાર-નવાર ત્યાં જવાનું થતું. બાળ નંદકિશોરને નાનપણથી જ સંગીતનો શોખ. મુંબઈમાં મામા શિંગારપુરેનું જાણીતું મ્યુઝિક ગ્રુપ ચાલે. ૧૧-૧૨ વર્ષની ઉંમરના નંદકિશોરને મામા રિહર્સલમાં લઈ જાય. કિશોરને પૂછ્યું તું ગાય છે? તારે ગાવું છે? અને નંદકિશોરે 'બચપન કી મહોબ્બત કો દિલ સે ન જુદા કરના...' ફિલ્મ બૈજુબાવરાનું આ ગીત ગાયું અને ગ્રુપના દરેક સભ્યો ખુશ થઈ ગયા અને આ જ ગીત ગાઈને નંદકિશોરે સંગીતની દુનિયામાં પ્રવેશ કર્યો.

જે.એલ.ન્યુ ઈંગ્લીશ સ્કૂલ, અમદાવાદના અભ્યાસ દરમિયાન નંદકિશોરે બેન સરોજ સાથે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર પ્રાર્થનાથી શાળામાં પ્રભુભક્તિનું વાતાવરણ સતત સાત વર્ષ સુધી બનાવી રાખ્યું હતું. એચ. એ. કૉમર્સ કૉલેજના અભ્યાસ દરમિયાન પણ અનેક કાર્યક્રમોમાં ગાયુ. અમદાવાદના શિવલકર ગ્રુપમાથી ચિત્રલોક સીને સંગીત સ્પર્ધામાં 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ' જોશભેર રજૂ કરીને હસ્તે ટ્રોફી પ્રાપ્ત કરી ગૌરવ મેળવ્યું.

સંગીત પ્રેમ અને સુઝના કારણે અમદાવાદના જાણીતા ગ્રુપો - પેટ્રીક માર્કસ, માઈકલ જોન્સ, મહેશકુમાર એન્ડ પાર્ટી વિ. માં નંદકિશોરભાઈ મુકેશના ગીતો ગાતા. અને પ્રશંસા મેળવતા. ૧૯૬૬માં પંડિત વસંતરાય તેંડુલકર અને બિન્દુ માધવ તેંડુલકર (સચિન તેંડુલકરના પિત્રાઈ) ના સંગીત વર્ગોમાં કિશોરભાઈએ માર્ગદર્શન મેળવવુ શરૂ કર્યું જયાં પંડિત વસંતરાયના પુત્રી અરૂણાબેન (વિશારદ) સાથે પરિચય થયો, અને ૧૯૬૯માં તેઓ બંને લગ્નગ્રંથીથી જોડાયા. મે, ૧૯૭૦થી કિશોરભાઈ ગાંધીનગરવાસી (સે.૧૬) બન્યા.

નંદકિશોરભાઈએ પુત્રી શિલ્પાના જન્મદિને પેટ્રીક માર્કસના ઑરકેસ્ટ્રાનો સે.૧૬માં (૧૯૭૦) કાર્યક્રમ યોજાયો. જેમાં કિશોરભાઈ સાથે પ્રેમ રાજપૂત, ચંપા નાગરાણી, વિ. ગાંધીનગરના કલાકારોએ કંઠ આપ્યો હતો. કાર્યક્રમ એટલો સફળ અને યાદગાર થયો હતો કે બીજા વર્ષે પણ આવા જ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત મિત્રો ભેગા મળી પ્રસંગોપાત નાની નાની બેઠકોનું આયોજન પણ કરતા. કિશોરભાઈએ મિત્રો સાથે મળીને સે.૨૩માં (૧૯૭૧-૭૨) કરેલ કાર્યક્રમ ત્રણ કલાક ચાલ્યો હતો, જેને વસાહતીઓ આજે પણ યાદ કરે છે.

સંગીતના વિસ્તરતા વ્યાપ સાથે જ સંગીત પ્રેમી કલાકાર મિત્રો મળવા લાગ્યા. ૧૯૭૨માં પાંચ પાંડવો, નંદકિશોર ખોપકર, ગીરીશ, પટવર્ધન, પ્રેમ રાજપૂત, મનુ ચાવડા, અને ધૈર્યશીલ મોહિતે - એ મળીને યંત્ર સીંગર્સ ગ્રુપની સ્થાપના કરી. આ ગ્રુપના કાર્યક્રમોનું ગણેશ ઉત્સવ, સે.૨૨માં દર વર્ષે આયોજન થવા લાગ્યું. ગ્રુપને જાણીતા કલાકાર શ્રી રમણલાલ પુરોહિતનું માર્ગદર્શન અને સાથ સહકાર પણ અચૂક પ્રાપ્ત થતા.

મુકેશના ગીતો ગાતા નંદકિશોરભાઈએ એક કાર્યક્રમમાં તલતનું ગીત ગાયું. સાંભળીને રમણભાઈએ કહ્યું કે તમારા અવાજનું કંપન અને થરથરાટ તલતના અવાજના છે. અને ત્યારથી કિશોરભાઈ વૉઇસ ઑફ તલત બન્યા. પછી તો સે.૨૩માં પણ કિશોરભાઈ, રમણભાઈ, મુનિકુમાર દેસાઈ, નટવર સાધુ, પ્રવિણ સાધુ, પાટીલ, દવે વિ. મળીને અનેક કાર્યક્રમો બેઠકો યોજીને સુના ગાંધીનગરને સુરોથી સજાવી દીધું. આ ગ્રુપમાં મહેન્દ્ર વોરા (વોઇસ ઑફ અનુપ જલોટા) પણ જોડાયા. સાથે સાથે અરૂણા ખોપકર, સરોજબેન, પ્રિયરોઝ બેન, વર્ષા દેસાઈ વિ. ના સુરો પણ ભળ્યા અને મિલતે હી આંખે દિલ હુઆ દિવાના, તુમકો મેરે દિલને પુકારા હૈ, દિવાને હૈ દિવાનો ન ઘર એ ચાહિયે વિગેરે ગીતો ગુંજી ઉઠતાં. આ યંગ સીગર્સ ગ્રૂપે દસેક વર્ષો સુધી યાદગાર કાર્યક્રમો રજૂ કર્યા. નંદકિશોરભાઈના તસ્વીર બનાતા હું, અંધે જહાં કે અંધે રાસ્તે, જિંદગી દેને વાલે સુન, યે હવા યે રાત યે ચાંદની વિગેરે ગીતોથી તલપના અવાજની મદહોશી ગાંધીનગરમાં છવાઈ જતી.

સેકટર-૨૩માં ચાલતા મોહનભાઈ ડાભીના ગરબા ગ્રુપમાં પણ મોહનભાઈ સાથે જ કિશોરભાઈ, પ્રેમભાઈ વિગેરેએ ગાવાનું શરૂ કર્યું. કિશોરભાઈ (હાર્મોનિયમ), ખુશાલભાઈ પુરાણી (ઢોલ-તબલા), ચીપલુનકરદાદા (વાંસળીના સુર), વિગેરેની જમાવટથી ગરબા હેલે ચડતા. પછી તો આ ગરબાની રજૂઆત અન્ય સેકટરોમાં અને અમદાવાદમાં પણ થવા લાગી. ઘણીવાર તો વહેલી સવાર સુધી ચાલતા આ ગરબાઓમાં રાજા હરિશચંદ્રના ગરબાની ફરમાઈશ હોય જ. આજે પણ મિત્રોએ ગરબાની ગુંજારવ યાદ કરે છે.

કિશોરભાઈએ ચાર વર્ષ સુધી સંગીત ગુરૂશ્રી નારાયણ મુર્ખજી પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી. ૧૯૭૨-૭૩માં શિવરંજનીની સ્થાપના સાથે જીતેન્દ્ર વ્યાસના નેતૃત્વમાં કોરસ ગ્રૂપની રચના થઈ હતી. નવીનભાઈ ધોળકીયા, નંદકિશોર ખોપકર, યોગી દેસાઈ વિગેરે મિત્રો કાર્યક્રમ, બેઠકો યોજીને નિજાનંદ મેળવતા. ધૈર્યશીલ મોહિતના ઘરે જન્માષ્ટમી પર યોજાતી બેઠકનો સીલસીલો છેલ્લા ૪૦ વર્ષથી આજે પણ અકબંધ છે.

છેલ્લા દસેક વર્ષથી કિશોરભાઈ જલરામ મંદિરમાં દર ગુરૂ અને શનિવારે સત્સંગમાં ભજનો ગાય છે. ૨૦થી ૨૫ રાત આધારીત કિશોરભાઈએ કમ્પોઝ કરેલા ભજનો સાંભળવાએ લ્હાવો છે. અરવિંદ વોરા, જશુ શ્રીમાળી, દેવેંદ્ર ભટ્ટ, બીપીન ઠકકર, કિશોર હિંડોચા વિગેરે સાથે મળી ભજનોની ધૂણી ધખાવે છે.

ગણેશોત્સવ યુવક મહોત્સવ વિગેરેમાં વર્ષોથી નિર્ણયાક તરીકે સેવાઓ આપતા નંદકિશોરભાઈ છેલ્લા ૨૦ વર્ષોથી બ્રહ્માકુમારી કેન્દ્રમાં પણ સાથી મિત્રો સાથે નિયમિત રીતે ભજન-સત્સંગ કરે છે. જો કે તહેવાર અને પ્રસંગોપાત હજી પણ ફિલ્મી ગીતોની બેઠકો તો યોજાય છે. પરંતુ ભજન એ એમનો મુખ્ય શોખ થઈ ગયો હોવાથી નંદકિશોરભાઈ ભક્તિરસમાં ડુબી ગયા છે. ગાંધીનગરના આ ઉમદા કલાકારને સંગીત અને ભક્તિસભર અનેક શુભેચ્છાઓ...

સમાજની કેટલી બધી બદીઓનું નિંદામણ બાપુ કરતા રહ્યા ને તોય કેટલું બધું નિંદામણ બાકી રહી ગયું ?

કબા ગાંધીના ડેલા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે રાજ્યના સનદી અધિકારી, સાહિત્ય મર્મજ્ઞ અને અભ્યાસુ વક્તા વસંતભાઈ ગઢવીનું મહાત્મા ગાંધી પરનું વક્તવ્ય અનેક ગાંધીવાદીઓ અને ગાંધીપ્રેમીઓની ઉપસ્થિતિ વચ્ચે યોજાયું



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું બાળપણ જ્યાં પિતા શ્રી કરમચંદ ગાંધીની છત્રછાયામાં પસાર થયું હતું તે ભારતવર્ષના એક પ્રકાશપૂંજની સાક્ષી એવી રાજકોટની ઈમારતના નામે કબા ગાંધીના ડેલા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે રાજ્યના સનદી અધિકારી, સાહિત્ય મર્મજ્ઞ અને અભ્યાસુ વક્તા વસંતભાઈ ગઢવીનું મહાત્મા ગાંધી પરનું વક્તવ્ય અનેક ગાંધીવાદીઓ અને ગાંધીપ્રેમીઓની ઉપસ્થિતિ વચ્ચે યોજાયું હતું.

'પૂ. બાપુએ જીવનભર જે વિષય હાથમાં લીધો તેમાં તેઓ સળંગ ગયા છે. નથી એમાં એમણે વિરામ લીધો કે નથી એને એમણે છોડી દીધો' એમ તારસ્વરે જણાવી વસંતભાઈએ સંવેદનશીલતા જેમના લોહીમાં વણાયેલી હતી એવા મહાત્મા ગાંધી વિશે જેટલું પણ કહીએ એ ઓછું એમ કહી પૂજ્ય બાપુનાં પગલાંની સ્મૃતિઓ જ્યાં સચવાઈ છે એવા કબા ગાંધીના ડેલાના પ્રાંગણમાં, ગાંધીને જેઓ જીવ્યા છે એવા ગાંધીવાદીઓ અને ગાંધીના આદર્શોને જેઓ માન આપે છે એવા ગાંધીપ્રેમીઓની વચ્ચે બે શબ્દો બોલવા એ પોતાના માટે અત્યંત આનંદની વાત હોવાનો એકરાર કર્યો હતો.

જગતભરના વિદ્વાનોએ બાપુને એમની અનોખી શૈલીમાં જાણ્યા અને શોધ્યા છે, ત્યારે કોઈકે એમને 'નગ્ન ફકીર' તો કોઈકે એમને 'ભવિષ્યની પેઢીને માન્યામાં ન આવે એવા મહામાનવ' તરીકે ઓળખાવ્યા છે, એવા અનેક ગાંધીસંદર્ભોનો જિકર કરીને એમણે રાષ્ટ્રીય શાયર મેઘાણી, કવિ કાગ અને ઉમાશંકર જોષી સરિખાં કવિઓએ જે ગાંધીવંદના એમનાં કાવ્યોમાં વ્યક્ત કરી છે, તેને તંતોતંત રજૂ કરીને શ્રોતાઓને ગાંધીમય બનાવી દીધા હતા.

'બાપુએ જે કામ હાથ પર લીધું એના પરથી પોતાનું ધ્યાન તેઓ કદી ચૂક્યા નથી અને સાથે તેમણે નમ્રતાને પણ કદી છોડી નથી' એવો મનનીય અને અભ્યાસુ મત વ્યક્ત કરતાં વસંતભાઈએ 'જીવનભર અને મૃત્યુપર્યંત અહિંસાના માર્ગને વળગી રહી, સમાજની કેટલી બધી બદીઓનું નિંદામણ બાપુ કરતા રહ્યા ને તોય કેટલું બધું નિંદામણ બાકી રહી ગયું?' તેવો વિચારણીય સવાલ મૂકી એમ પણ કહ્યું કે, બાપુ જે વિચારતા એ જ એમની વાણીમાં આવતું અને જે એમની વાણીમાં આવતું એ જ એમના વિચારો હતા.

રજવાડાંના સમયે દિવાન અને પ્રભારી રહેલા પ્રભાશંકર પટણી સહિત રવિન્દ્રનાથ ટાગોર, આલ્બર્ટ આઈન્સટાઈન સહિતના અનેક વિદ્વતજનોના પૂ. બાપુ અંગેના વિધાનોને, પૂ. બાપુના ઐતિહાસિક પ્રસંગોને વિશદ અને પ્રભાવક રીતે રજૂ કરીને, શ્રી પ્રભાશંકર પટણીના વિધાનને ટાંકતા વસંતભાઈએ કહ્યું કે 'સૌરાષ્ટ્રવાસીઓમાં બહારવટીયા, મુત્સદી અને સંતના ત્રણેય ગુણોમાંથી એકાદ-બે ઓછાવતે અંશે હોય છે, કિન્તુ બાપુમાં તો આ ત્રણેય ગુણો હતા.' ઉલ્લેખનીય છે કે વી એસ ગઢવીએ હાલ રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના અગ્રસચિવ (જમીન સંપાદન), અમદાવાદ જિલ્લાના પ્રભારી સચિવ, પીજીવીસીએલના અધ્યક્ષ અને જીએમડીસીના મેનેજિંગ ડિરેક્ટર તરીકેના કાર્યબોજની વચ્ચે પણ એમનામાંના સાહિત્યપ્રેમને જરાય આંચ આવવા દીધી નથી.

પૂ. બાપુ જે ભાષા (સૌરાષ્ટ્રની) બોલતા તે જ ભાષામાં સૌરાષ્ટ્રના કવિઓએ પૂ. બાપુને જે ભાવભરી વંદના કરી છે તેવી અનેક કાવ્યપંક્તિઓ સાથે પૂ. બાપુની વિનોદવૃત્તિના પણ એકાધિક પ્રસંગો એમણે વર્ણવ્યા હતા.

પૂ. બાપુની આત્મકથા આજે પણ વિશ્વભરમાં બેસ્ટ સેલર રહી છે તે જ પૂ. બાપુના વિચારોનું દુનિયાને શું મહત્ત્વ છે એની આપણને સૌને પ્રતીતિ કરાવે છે, એમ પણ તેમણે કહ્યું હતું.

પ્રારંભે રાજુ વ્યાસ અને દર્શન માંકડે ગાંધીવંદના ગીતો/પ્રાર્થના ગીતો રજૂ કર્યા હતા અને જયારે ઉષાકાન્તભાઈએ સ્વાગત પ્રવચન અને વક્તવ્યની ભૂમિકા પુરી પાડી હતી.

આ પ્રસંગે ગાંધીવાદી આગેવાનો સુશીલાબેન શેઠ, ગુલાબભાઈ જાની, મનસુખભાઈ જોષી, ડૉ. કુમુદબેન નેને, હેલીબેન ત્રિવેદી સહિતના ગાંધીવાદી અને ગાંધીપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.